# આરતી ડેકોરેશન-વેશભૂષા સ્પર્ધાનું આકર્ષણ શેરી ગરબા માટે આશીર્વાદરૂપ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં નવલી નવરાત્રિનો ઉમંગ દરેક હૈયે હિલોળા લઈ રહ્યો છે અને શહેરમાં ભારે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં



નવરાત્રિની ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરમાં વિવિધ સેકટરોમાં અને સોસાયટીઓમાં યોજાતા શેરી ગરબા આગવું સ્થાન ધરાવે છે. આ શેરી ગરબા પારિવારિક માહોલમાં યોજાતા હોય છે જેમાં આરતી ડેકોરેશન-વેશભૂષા સ્પર્ધા જેવા પણ આકર્ષણો જોવા મળે છે.

શહેરના સેકટરોના ચોકઠામાં તથા સોસાયટીઓના કોમન પ્લોટમાં તેમજ ગુડા વિસ્તારની નવનિર્મિત સોસાયટીઓના શેરી ગરબામાં વિવિધ સ્પર્ધાના આયોજનો થતા જોવા મળે છે. નવરાત્રિમાં પાર્ટી પ્લોટના ટ્રેન્ડ સામે શેરી ગરબા પણ નવતર પ્રયોગો કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા છે એટલું જ નહી પરંતુ એક પારિવારિક માહોલ ઉભો કરી ખેલૈયાઓને પરંપરાગત ઉજવણી સાથે જોડી રાખવાનું કામ પણ કરી રહ્યા છે. શેરી ગરબાઓમાં નવરાત્રિના પાછલા દિવસોમાં આરતી ડેકોરેશન, વેશભૂષા સ્પર્ધા, ગરબા સ્પર્ધા, અર્વાચીન પ્રાચીન ગરબા વગેરેના આયોજન જોવા મળે છે. વળી, રહીશો એક સાથે એક સરખા ડ્રેસિંગ જેવા કે મહિલાઓ કોઈ ખાસ રંગની સાડી કે ચણિયાચોળી, પુરુષો એક સરખા કૂર્તા પાયાજામા તથા સાફા પહેરે અને એક નયનરમ્ય માહોલ ખડો કરતા જોવા મળે છે.

આરતી ડેકોરેશન સ્પર્ધામાં મહિલાઓ અને દિકરીઓ આરતીની થાળીઓ વિવિધ રીતે શણગારે છે. વેશભૂષામાં બાળકોથી માંડી મોટેરા જોડાય છે અને તેમાં ઐતિહાસિક પાત્રોથી માંડીને લેટેસ્ટ જાણીતી વ્યકિતઓ કે પાત્રોની વેશભૂષા થતી જોવા મળે છે. વળી તમામ સ્પર્ધાઓ માટે વિજેતા નકક્કી કરવા નિષ્ણાત નિર્ણાયકોને પણ આમંત્રવામાં આવે છે. એકંદરે આ પ્રકારની સ્પર્ધાઓ શેરી ગરબામાં ખેલૈયાઓને જોડી રાખવામાં તથા જે મધ્યમવર્ગને પાર્ટી પ્લોટના પાસ પરવડતા ના હોય તેમને પુરતું મનોરંજન મળી રહે તેવો માહોલ ખડો કરવામાં મદદરૂપ નિવડે છે.

## વાતવાતમાં

● નવરાત્રીના માહોલમાં રાત્રીના સમયે ગરબા પત્યા પછી ખાણી-પીણી બજારમાં તેજી જોવા મળે છે. ગરબા રમીને થાકેલા અને ભૂખ્યાં થયેલા ખેલૈયાઓ પાસેથી મોકાનો લાભ ઉઠાવતા ખાણી-પીણી-નાસ્તાના વેપારીઓ દ્વારા ઊંચા ભાવ વસુલવામાં આવી રહ્યાં છે. જેમાં ગાંઠિયા, પાપડી, ફાફડાં, જલેબી, દાબેલી, વડાંપાઉ જેવી આઈટમોના ભાવોવધુ લેવાઈ રહ્યા હોવાની રાવ ઉઠવા પામી છે.

● ગાંધીનગરના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા વોર્ડના મતદારોના નામ મતદારયાદીમાં ચકાસવા તથા જરૂરી સુધારા કરવા વગેરે કાર્ય માટે અંગત રસ લઈને કામ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીની ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિત અનેક અગ્રણીઓએ ફેસબુકના માધ્યમથી પ્રસંશા કરવામાં આવી છે.

● નવરાત્રીના માહોલમાં વાહનોની ચાવીઓ ખોવાઈ જવાના બનાવો પણ ઘણા બની રહ્યાં છે. સેક્ટર-૨૩માં કડી શૈક્ષણિક સંકુલ પાસેથી નિશાન ગાડીની એક ચાવી પ્રમોદભાઈ કપાસી નામના બેંક અધિકારીને મળી છે, જેની હોય તેમણે મો. નં. ૯૪૨૮૨૯૦૭૫૪ પર તેમનો સંપર્ક સાધી ખાત્રી આપી લઈ જવા તેમણે જણાવ્યુ છે.



જેતલપુરમાં પાવો વાગ્યો ને... ચો તરફ નવરાત્રીના ઢોલ ઢબુકી રહ્યાં છે અને યુવા હૈયા ગરબે થનગની રહ્યાં છે. ગાંધીનગરના માણસા ખાતે પણ નવલી નવરાત્રીની ઉજવણી જામી છે જેમાં યુવાનો આકર્ષક પરિધાન સાથે ગરબાના તાલે ઝુમી રહ્યાં છે.



ગાંધીનગર શહેરમાં નવલી નવરાતનો માહોલ જામ્યો છે. રંગબેરંગી અવનવા વસ્ત્રોમાં સુસજ્જ થઈ ખૈલેયાઓ ગરબે ઘુમી રહ્યા છે. ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના નેતૃત્વ ગ્રુપના સભ્યો તાહેર, સ્મિત, મિત, સત્યમ, શ્રેયાંશી, જયોતિ, હાર્દિક, આશિષ, નિરાલી, મિરલ દ્વારા મિશન હોપ અંતર્ગત (પેથાપુર)માં આવેલ કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે ગરબા રમીને ગ્રુપના સભ્યોએ ધન્યતા અનુભવી હતી. વૃધ્ધાશ્રમના વડીલો પણ નેતૃત્વ ગ્રુપના સભ્યો સાથે ગરબે ઘુમી ખુશ થઈ ગયા હતા. જયારે વડીલોએ પણ બાળકોને આશિર્વાદ પાઠવ્યા હતા.



**ડીસામાં આર.એસ.એસ.નું પથ સંચલન....**

બનાસકાંઠાના ડીસા ખાતે ગત શનિવારે સાંજે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા યોજાયેલા પથ સંચલને ભારે આકર્ષણ જમાવ્યું હતું.શનિવારે સાંજે ચાર વાગ્યે ડીસાની આદર્શ હાઈસ્કૂલથી પ્રારંભયેલ આ પથ સંચલનમાં જોડાયેલા આર. આર.એસ.ના અગ્રણીઓ અને કાર્યકરોએ સંઘના પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈ નગરના વિવિધ વિસ્તારોમાં પથ સંચલન કર્યું હતું.આ પથ સંચલન સાંજે પાંચ વાગ્યે ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારની પંચાલ સમાજની વાડી ખાતે પહોંચ્યા બાદ સભાના રૂપમાં ફેરવાયું હતું.આ પ્રસંગે સ્વામી નારાયણ સંપ્રદાયના સંત પૂજ્ય ઉત્તમપ્રિયદાસજી મહારાજે ઉપસ્થિત રહી આર્શીવચન પાઠવ્યા હતા જ્યારે સંઘના મહેસાણા વિભાગના શારીરિક પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલે બૌદ્ધિક પીરસ્યું હતું.આ પ્રસંગે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી તેમજ ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા સહિત અન્ય અગ્રણીઓ અને સંઘના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મર્યાદાપૂર્ણ જીવન જ મસ્તી-આનંદનું જીવન : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૪

આચાર્ય સુનીલસાગરજી મહારાજ કહ્યું કે જીવનમાં વ્રત, સંયમની મર્યાદાઓ અનિવાર્ય છે, મર્યાદા વગરના જીવનમાં આનંદ નથી. નિંરકુશતા અને સ્વચ્છંદતાની આંધી પળભરમાં બધુ જ વિખેરી નાખે છે. આજે જે લોકો ક્ષેત્ર, સંજોગ વગેરેની અનુકૂળતાઓનો બહાનો કાઢી વ્રત સંયમની પાલનાથી બચવાની ખોટી દલીલો કરતો હોય છે. તેવા લોકોને આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનથી પ્રેરણા લેવી જોઈએ જે વિદેશમાં રહીને પણ વ્રતોની મર્યાદાનો ભંગ કરતા નથી અને તેનો અખંડ પાલન કરે છે.



વ્રતોની મર્યાદા પાલનમાં એક જુદા પ્રકારની મસ્તી છે, અલ્હડતા છે, સહજતા છે જેમાં વિકારો નથી આનંદ જ આનંદ છે. આ સંયમ અને શીલની જ મસ્તી છે જેમાં ખોટા વિચારોને સ્થાન નથી. મર્યાદા પુરુષોત્તમ રામનો જીવન એવી જ મસ્તીથી ભરેલો હતો જેમણે મર્યાદાની ખાતર જંગલમાં અવિરામ વિવેકપૂર્વક ચૂક વગર મર્યાદાઓનું પાલન કરતા તેનો આનંદ માળ્યું. ભગવાન મહાવીરે ૧૨ વર્ષના તપસ્વી કાળમાં આ જ ફકીરીની મસ્તીનો અહેસાસ કર્યો. લક્ષ્મણે ભાભી સીતા માટે મર્યાદા રેખા દોરી હતી જેને અતિથિ સત્કાર સંસ્કૃતિના કારણે સીતાએ તોડી અને રામાયણનો વિનાશક યુદ્ધ સર્જાયો. આજે તો યુવાનો મસ્તીના નામે વ્રત, સંયમ અને શીલની સીમારેખા મજાક મજાકમાં પાર કરી જાય છે અને એને વિકસિત આધુનિક સંસ્કૃતિનો પ્રતીક માને છે. જેના પરિણામો આધ્યાત્મિક રીતે તો પાપરૂપ છે જ તથા સાંસારિક દષ્ટિએ પણ એવા લોકો નિંદા, અપમાન અને લજ્જાનો પાત્ર બને છે.

# બાયડના અરજણવાવ શીતકેન્દ્રમાં ચાર શ્રમિકોને વીજકરંટ લાગ્યો

બાયડ, તા. ૧૪

બાયડના અરજણવાવ ખાતે આવેલ સાબરડેરીનાં શીતકેન્દ્રમાં



કૂવાની અંદર બોરિંગનું કામ કરવા ઉતરેલા ડેમાઈના પ્રતાપપુરાના ચાર શ્રમિકોને વીજ કરંટ લાગ્યો હતો. આ ઘટનામાં એક શ્રમિકનું કરૂણ મોત નીપજ્યું હતુ.

બાયડ તાલુકાના અરજણવાવ ખાતે આવેલ સાબરડેરીના શીતકેન્દ્રનાં કૂવામાં બોરિંગ કામ ચાલી રહ્યુ હતુ. શનિવારે બપોરે બે વાગ્યાના અરસામાં ડેમાંઈનાં પ્રતાપપૂરા ગામનાં ચાર જેટલા શ્રમિકો કૂવામાં બોરિંગ કરવા માટે ઉતર્યા હતાં. એકાએક કૂવામાંની મોટર દ્વારા કરંટ પાણીમાં પ્રસરતા ચારેય શ્રમીકો ગંભીર રીતે ઘવાયા હતાં. ચાર પૈકી પચ્ચીસ વર્ષીય કમલેશભાઈ ભીખાભાઈ ઝાલાનું ઘટનાસ્થળે જ કરુણમોત નીપજ્યું હતુ.

જ્યારે આ ઘટનામાં ઈજાગ્રસ્ત પ્રતાપભાઈ માધાભાઈ વનરાજસિંહ ભુપતસિંહ તેમજ અજયસિંહ બાલુંસિંહને સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાંથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતાં. આ બનાવ અંગેની જાણ થતાં બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. યુવાન શ્રમિકનાં મોતને પગલે પરિવારજનોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ હતી.

## વાસન મહાદેવ ગામમાં એલ.ઈ.ડી.નો ઝળહળાટ પથરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના સમાવિષ્ટ ગામોમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યોના બજેટમાંથી ગામના મુખ્યચોક, જાહેરમાર્ગો, ધાર્મિક સ્થળો, મંદિરો, અન્ય સ્થળોએ જાહેર હેતુસર, ધાર્મિક અને સામાજિક પ્રસંગોએ અજવાળાનો વિશેષ લાભ મળે અને લોકોપયોગી સેવાકીય સુવિધા ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશયથી ગાધીનગર જિલ્લા પંચાયત સદસ્ય સુશીલાબેન અરવિંદસિંહ વાઘેલાઓના બજેટમાંથી વાસન મહાદેવ ગામમાં પાંચ સ્થળે જેવા કે ડેરીવાળા ચોક માત્રી માતાના મંદિરે, ગ્રામ પંચાયત, હનુમાનજી મંદિરે તથા વૈજનાથ મહાદેવ કમ્પાઉન્ડમાં એલ.ઈ.ડી. હાઈમાસ લાઈટ ટાવરની સુવિધાથી ગામમાં દીવાળી ટાળે અજવાળાથી ઝગમગાટની રોનકથી રાહતની લાગણી પ્રવર્તી રહી છે.



**મેઘરજમાં વિશ્વ દ્રષ્ટિ દિવસની ઉજવણી, ૨૫૦ દર્દીઓને મફત સારવાર**

અરવલ્લી જીલ્લાના મેઘરજમાં ૧૪ ઓક્ટોમ્બર વિશ્વ દ્રષ્ટિ દિવસ નિમિત્તે રવિવારે મેઘરજ નગરમાં આંખોની જાળવણી અને જાગૃતિ અંગે મેઘરજ જલારામ આંખની હોસ્પિટલના ઉપક્રમે રેલી યોજી અને ૨૫૦થી વધુ દર્દીઓની આંખની તપાસ હાથ ધરી જરૂરિયાતમંદ ૨૩ આંખના રોગથી પીડાતા દર્દીઓને ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં ડૉ. બામણીયાએ ખુબ કુશળતાપૂર્વક વિશ્વ દ્રષ્ટિ દિવસની ઉજવણીમાં ભારે જહેમત ઉઠાવી હતી.



મહોલ્લા સફાઈ અભિયાન અંતર્ગત મોડાસામાં એક જાહેર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. નશા, દારૂ અને જુગારના વિરોધમાં ઉભી થયેલી મુહિમના પ્રારંભિક પ્રોગ્રામમાં બધા સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં મોડાસા સમાજના નગરજનો હાજર રહ્યા હતા. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસા ટાઉન પીઆઈ દેસાઈ, મખદૂમ હાઈસ્કૂલના પ્રમુખ નઈમભાઈ મેઘરેજી, વિરોધ પક્ષના નેતા ગુલામહુસેન ખલાક, પોતાના વક્તવ્યોમાં આ અભિયાનની ખૂબ પ્રશંસા કરી હતી. અમદાવાદથી આવેલા મહેમાન સૂફીયાન રાજપૂત અને મોઈનુંદ્દીન ઈબ્ને નસરૂલ્લાહ પોતાની આગવી શેલીના મોડાસાના યુવાનોને પ્રોત્સાહન અને હિમ્મત આપી કે તેઓ આગળ આવે અને મોહલ્લા સફાઈ અભિયાન સાથે જોડાઈ દારૂ, જુગાર, નશા જેવા દૂષણોને સમાજમાંથી નાબૂદ કરવા ઉભા થઈ જાય.



મખદુમ હાઈસ્કુલ, મોડાસા ખાતે ચાર શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો હતો. શાળાના આચાર્ય આર.યું. મનસુરીએ મહેમાનોનું સ્વાગત કરી વિદાયમાન શિક્ષકોની પ્રામાણીક કામગીરીને બિરદાવી શાળાના વિદ્યાથીઓએ પણ નિવૃત્ત થતા વિધાગુરુઓને ભાવભીની વિદાય આપી હતી.

**વિગતો અંગે....** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ કરીને જે રિપોર્ટ આપવામાં આવે છે તેમાં પ્રોજેક્ટના રોકાણ અને ખરેખર અપાયેલ રોજગારની વિગતો અવલોકન કરતાં અવાસ્તવિક જણાઈ આવી છે અને તેથી જ આજે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી સંયુક્ત રીતે સમીક્ષા કરશે.

ખાસ કરીને હાઉસીંગ અને રૂર્બન હાઉસીંગ પ્રોજેક્ટોમાં આ વિસંગતતા વધુ જોવા મળી રહી હોવાથી સરકારે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. વાયબ્રન્ટ સમીટ-૧૯ની એક તરફ તૈયારીઓ ચાલી રહી છે ત્યારે વાસ્તવિકતા અલગ જ બયાન કરી રહી હોવાથી આજે કેટલાક મહત્વના નિર્ણયો સરકાર લે તેવી શક્યતાઓ છે.

**અતિતની આજ** ● ચોથા પાનાનું ચાલું

થયા.રાજ ઠાકરેએ બિહારીઓ સામે જે આંદોલન કર્યું એના થકી હજારો કરોડ રૂપિયાની નુકસાની મહારાષ્ટ્રે ભોગવવી પડી હતી.ગુજરાતને તો એનાથી વધુ નુકસાન થઈ શકે કારણ અત્યાર લગી દત્તા સામંત કે શિવસેનાનાં હિંસક કામદાર સંગઠનોથી ગુજરાત છેટું રહ્યું છે. ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે માત્ર ગુજરાતીઓ જ નહીં, બિનગુજરાતીઓ પણ આવતા રહ્યા છે. આવા સંજોગોમાં જે કોઈ આંદોલનકારી દિલ્હીના આંટા મારીને ભગવો ખેસ ધારણ કરવા તલપાપડ હોય અને એ જ જો આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલો હોય તો પણ ગુજરાતના વિશાળ હિતમાં એને ઝબ્બે કરી પ્રજા સમક્ષ બેનકાબ કરવાની અનિવાર્યતા ઊભી થઈ છે. ગુજરાત મુંબઈ નથી. ગુજરાતમાં ઠાકરેની સેનાને ઝાઝો પ્રતિસાદ ક્યારેય મળ્યો નથી. ગુજરાત પરંપરાગત રીતે શાંતિથી ઉદ્યોગ ધંધા કરવાવાળી ભોમકા તરીકે જાણીતું રહ્યું છે.આવા સંજોગોમાં ગુજરાતને માથે આવેલી આ નવતર આફતમાં પક્ષાપક્ષીથી પર રહીને સૌ સહયોગ કરે એવી "કળકળીચી" (એકદમ વિનમ્રપણે) વિનંતી. સ્થાનિકોને ૮૫% નોકરીઓ આપવાની છેક કોંગ્રેસના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના વખતથી બનાવાયેલી નીતિ માત્ર કાગળ પર હોવાને કારણે વિસ્ફોટક સ્થિતિ નિર્માણ થયાનો સંકેત ભાજપ કે કોંગ્રેસના ધારાસભ્યોનાં નિવેદનોમાં મળે છે.જોકે દેશની પ્રજાને આપસી લડાઈમાં વ્યસ્ત રાખવાના રાજકીય દાવપેચ પ્રજાને આંતરકલહમાં રમમાણ રાખે છે.પ્રજાએ ચેતવાની જરૂર છે. અમે પણ બે દાયકા કરતાં વધુ સમય મુંબઈમાં વિતાવ્યો હોવાથી ગુજરાતને બાળ ઠાકરે કે રાજ ઠાકરેની સેનાને હવાલે થતાં બચાવી લેવાની અનિવાર્યતા અમને સુપેરે સમજાય છે.

- haridesai@gmail.com

**રાજીનામુ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરિયાદ કરી રહ્યા હતા કે તેમને જાહેર કાર્યક્રમોમાં એમ.જે. અકબર અંગે સવાલ પૂછવામાં આવી રહ્યા છે.

અકબર પર સૌ પહેલા પ્રિયા રામાની નામની પત્રકારે આક્ષેપ લગાવ્યો હતો. ગયા વર્ષે એક મેગેઝિમાં એમ.જે. અકબરનું નામ લીધા વગર તેણીએ એક લેખ લખ્યો હતો. ગયા અઠવાડિયે પ્રિયાએ જાહેરાત કરી હતી લેખમાં જે વ્યક્તિની ઓળખ છૂપાવવામાં આવી હતી તે એમ.જે.અકબર હતા. નોંધનીય છે કે એમ.જે અકબર બીજેપી તરફથી રાજ્યસભાના સભ્ય તેમજ કેન્દ્રમાં રાજ્ય વિદેશ મંત્રી છે. રાજકારણ પહેલા તેઓ પ્રસિદ્ધ અખબાર ધ ટેલિગ્રાફ, એશિયન એજ અને ધ સન્ડે ગાર્ડિયન જેવા અખબારના તંત્રી રહી ચુક્યા છે. મોદી કેબિનેટના કદાવર સભ્ય પર લાગેલાં આરોપો પછી સરકાર અને ભાજપ બેકફુટ પર છે. ૧૨ ઓક્ટોબરે અમિત શાહને આ અંગે સવાલ પૂછાયો તો તેઓએ કહ્યું કે જોવું પડશે કે આરોપો સાચા છે કે ખોટા. અમિત શાહે કહ્યું હતું કે પોસ્ટની સાત્યતાની તપાસ પણ જરૂરી છે, જેમના દ્વારા આરોપો લગાવવામાં આવ્યાં છે. જો કે બાદમાં તેઓએ એમ પણ કહ્યું હતું કે આ અંગે વિચારીશું.

**લડી શકે...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિક્રિયા આપતા મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ અશોક ચવાણે કહ્યું છે કે, તેમના એવા પ્રયાસ છે કે, બેઠકોની વહેંચણીને લઈને વહેલી તકે નિર્ણય લઈ લેવામાં પરંતુ આ સંદર્ભમાં હજુ સુધી ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું નથી. મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮સીટો છે. એનસીપી દ્વારા કોંગ્રેસની સામે ૨૫ સીટોની માંગ કરવામાં આવી છે. શુક્રવારના દિવસે બંને પાર્ટીઓની બેઠકમાં મહારાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિ ઉપર ચર્ચા કરવાં આવી હતી. ત્યારબાદ બેઠકોની વહેંચણીને લઈને પણ ચર્ચા થઈ છે. ૨૦૧૪માં વિધાનસભાની ચૂંટણીમાં પણ બંને પાર્ટી વચ્ચે કોઈ સમજૂતિ થઈ શકી ન હતી. આખરે બંને પાર્ટીઓએ જુદી જુદી રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો પોતપોતાનીરીતે ગણતરી કરી રહ્યા છે ત્યારે શિવસેના અને ભાજપ વચ્ચે સંબંધો કેવા રહેશે તેને લઈને તમામની નજર રહેશે.

**આક્રોશ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે ખરા સમયે જ પાણી ફોર્ષથી ન આવતુ હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોએ વ્યકત કર્યો છે. તંત્રના જણાંવ્યા મુજબ સે-૩ માં પાણીના બોરના કેબલની ચોરી થતા આ સમસ્યા ઉઠવા પામી છે. જો કે એકાદ દિવસમાં આ પ્રશ્ન હલ થઈ જશે. બીજીતરફ સે-૪ માં પાણીના બોરમાં ટેકનિકલ ખામી સર્જાતા પાણીની બુમ ઉઠવા પામી છે. જો કે આ મામલે તંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે. ટુંકમાં જ પ્રશ્ન હલ થતા પાણીની પોકાર સમી જશે.

**સન્નાટો...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાને પહોંચ્યો છે. આમ ૨૦ ક્રમ ગબડવાની સાથે જિલ્લાની તમામ સેવાઓને તેની અસર પહોંચી છે. કૃષિમાં પણ વિપરીત હવામાન અને ઓછા ઉત્પાદનના અંદાજોને લઈ જિલ્લાનો ક્રમ બે અંક ગગડવા પામ્યો છે. શિક્ષણમાં તે ૧૪મા સ્થાને રહેવા પામેલ છે. સ્કીલ ડેવલપમેન્ટમાં પણ જિલ્લાની ભારે ગિરાવટ થવા પામી છે. ફાયનાન્સના સંદર્ભમાં પણ જિલ્લાની ગિરાવટ થતાં જિલ્લા કલેક્ટર સખ્ત નારાજ થયા હતા.

કેન્દ્ર સરકારે દેશના ૧૧૭ જિલ્લાઓને એસ્વીરેશનલ ડિસ્ટ્રીક્ટ તરીકે ઓળખી અલગ તારવ્યા છે જ્યારે ગુજરાતે આ પ્રોજેક્ટ તમામ જિલ્લાઓમાં અમલીકરણ કરવાનો નિર્ણય કર્યો છે અને મુખ્ય સચિવ કક્ષાએ તેનુ મોનીટરીંગ નિયમિત રીતે થાય છે. આ પછી તે સી.એમ. ડેશબોર્ડ પર પણ અપલોડ કરવામાં આવે છે. રાજ્ય સરકારે આ દિશામાં કામગીરીમાં સુધાર લાવવા માટે ટકોર પણ કરી હોવાનું જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયુ છે.

**સફાઈ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વનતંત્ર દ્વારા નગરના ઉભા અને આડા માર્ગો પર સફાઈ કરવામાં આવી રહી છે. વનઆરક્ષિત વિસ્તારમાં વીડીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ સફાઈ કરવામાં આવી રહી છે. આગામી દિવાળી પુર્વે આ સફાઈ કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવશે. શહેરમાં વરસાદી ઋતુના અંતે હાલ નજર નાંખો ત્યાં હરિયાળી નિખરી છે. પરંતુ હરિયાળા ઘાસ સાથે બિનજરૂરી વનસ્પતિ પણ ઉગી નિકળતા જીવાતનો ઉપદ્રવ વધ્યો છે.